## પરિશિષ્ટ – ૨

## સ્વદેશભક્તિનાં કાવ્યોના કેટલાક સંગ્રહો

વીસમી સદીના છેક પહેલા દસકાથી માંડીને આઝાદીના આગમન સુધી દેશભક્તિનાં ગીતોના સંખ્યાબંધ સંગ્રહો બહાર પડયા છે. આ સંપાદનો-માંના કેટલાંક ગીતો ગુજરાતના પ્રસિધ્ધ કવિઓનાં છે, તો કેટલાંક ઓછા જાણીતા લેખકોનાં છે. ગાંધીયુગનો આપણો સમાજ આઝાદી માટે પુરુષાર્થ કરવાના તબક્કામાંથી જ્યારે પસાર થઇ રહયો હતો ત્યારે સ્વદેશ-ગીતોના સંગ્રહોમાંનાં નામી-અનામી કવિઓનાં ઘણાં ગીતો લોકકંઠે રમતાં હતાં. આવાં રાષ્ટ્રીય ગીતોનો જુવાળ ૧૯૨૦ પછી વિશેષત: આવ્યો છે.[૧] આમસમુદાયને મુખ્યત્વે કેન્દ્રમાં રાખીને રચાયેલાં પ્રસ્તુત ગીતોમાં કાવ્યતત્ત્વ પ્રમાણમાં ઓછું મળે છે – અહીં તહીં એનો ઝબકાર જોવા મળે ખરો. પરંતુ આ ગીતોનું મૂલ્ય કાવ્યતત્વની દ્રષ્ટિએ આંકવા કરતાં, જનસમુદાયની લાગણી-ઓનો પડઘો પાડનારાં તથા આઝાદીની લડતને વેગવંત બનાવવામાં ફાળો આપનારાં ગીતો તરીકે આંકવા જેવું છે. ઉદાહરણ તરીકે, "અમે લીધી પ્રતિજ્ઞા પાળશું, ભલે કાયાના કટકા થાય" – જેવાં ગીતો જનહૃદયને આંદોલિત કરી ગયાં હતાં જ.

જુદા જુદા કવિઓનાં દેશભક્તિનાં ગીતોના સંગ્રહો તો પ્રસિધ્ધ થયા જ, પરંતુ એક જ કવિનાં દેશભક્તિકાવ્યોનો સ્વતંત્ર સંગ્રહ બહાર પડે એવું પણ બનવા લાગ્યું. ૧૯૧૯ના વર્ષમાં કેશવ હ. શેઠની "સ્વદેશગીતાવલિ" તથા ખબરદારનો "ભારતનો ટંકાર" પ્રસિધ્ધ થયા હતા. સીતારામ જે. શર્માએ પણ સ્વરચિત કાવ્યોનો સંગ્રહ "સ્વદેશગીતો" :૧૯૨૧: નામે પ્રકાશિત કર્યો હતો.

ગુજરાત સાહિત્યસભા તરફથી ૧૯૦૫માં બહાર પડેલો "દેશભક્તિનાં કાવ્યો" એ ગુજરાતી સાહિત્યનો દેશભક્તિકાવ્યોનો પ્રથમ સંગ્રહ છે. સ્વ. રણજિતરામ મહેતાની પ્રેરણાથી એ સંગ્રહ શ્રી. હિમ્મતલાલ અંજારિયાએ તૈયાર કર્યો હતો, એવી માહિતી શ્રી. હરિપ્રસાદ દેસાઇએ કેશવ હ. શેઠની કૃતિ "સ્વદેશગીતાવલિ" :૧૯૧૯: ના પુરોવાચનમાં આપી છે. "લિ. સંગ્રહકરનાર"

એવી સહીથી લખાયેલી "દેશભક્તિનાં કાવ્યો" :૧૯૦૫: ની પ્રસ્તાવનામાં કહેવાયું છે: "દેશભક્તિની કવિતા ઓછી છે માટે ગુજરાતી ભાઈઓમાં દેશભક્તિ નથી એમ માનવું યોગ્ય નથી. આપણો સમય શાંત અને સરળ, સુખ માણવાનો તથા વિચારો કેળવવાનો અને ચર્ચવાનો છે, તેથી ઉત્તેજક આવેશ-વાળી કે ક્ષાત્રોદ્રેકભર્યા જુસ્સાવાળી કવિતાનો સંભવ નથી. બહુ તો યશોગાન કરાય અને આજ સુધી તેમ તો થતું આવ્યું દેખીયે છીએ." આવું કહેતી વેળાએ નર્મદ તથા હ. હ. ધ્રુવની ક્ષાત્રોદ્રેકભર્યા જુસ્સાવાળી કવિતા સંપાદકના ધ્યાન બહાર ગયેલી લાગે છે. "દેશભક્તિનાં કાવ્યો"માં જ સમાવાયેલી નર્મદની "આપણે ગુજરાતી" કવિતા "ઉત્તેજક આવેશ"ના એક સારા નમૂના જેવી કૃતિ છે... દેશગીતોનો બીજો સંગ્રહ "દેશગીત" :૧૯૧૩: જીવણલાલ વ્રજરાય દેસાઈએ પ્રસિધ્ધ કરેલો છે. સંગ્રહની શરૂઆતમાં સ્વદેશધર્મ વિશેની કેટલીક ભાવનાઓ નોંધવામાં આવી છે: મારી ભારતભૂમિ, એક અને અભેદ્ય, એમાં મને શ્રધ્ધા છે - આવી ભાવના ઉપર બંગભંગ પછી શરૂ થયેલી લડતનો પ્રભાવ જોઈ શકાય.[૨] "દેશગીત"માં ન્હાનાલાલનું કાવ્ય "રાજરાજેન્દ્ર પંચમ જ્યોર્જને", મગનભાઈ પટેલનું દાદાભાઈ વિશેનું કાવ્ય, હ. હ. ધ્રુવનું કાવ્ય "સ્વદેશની ભક્તિ રે કોઈ વીરલા જાણે, સ્વતંત્રતાના રસની રે લ્હેજત કોઈ પ્રમાણે", ઇ. કૃતિઓને સમાવવામાં આવી છે.

કાન્તિલાલ અમુલખરાય [illegible] મહેતાએ તૈયાર કરેલ "સ્વદેશગીતા-મૃત" :૧૯૧૮: આ પ્રકારનાં સંપાદનોમાં પહેલું સત્વશીલ સંપાદન જણાય છે. નવલરામ પંડયા :મારી ભરતભૂમિ!:, ન્હાનાલાલ :ધન્ય હો! ધન્ય જ પુણ્યપ્રદેશી:, ખબરદાર :ગુણવંતી ગુજરાત:, જગન્નાથ ત્રિપાઠી :નમું માતૃભૂમિ ગુજરાત:, જનાર્દન પ્રભાસ્કર :ગુજરાતના પુત્રો અમો:, ચંદ્રશંકર પંડયા :ગુજરાત ! તેડે હિંદ રાષ્ટ્રયજ્ઞ ઉત્સવે:, હ. હ. ધ્રુવ, અમૃત કેશવ નાયક, કુસુમાકર :એકવાર ફરી ચેતન ચિનગારી દેને, પ્રભુ! ચિનગારી દેને:, ટાગોર :અયિ ભુવન-મનો-મોહિની!:, ઇ. કવિઓનાં કાવ્યો એમાં સંગ્રહાયાં છે. દાદાભાઈ તથા ગોખલેને નિવાપાંજલિ આપતાં કાવ્યો પણ એમાં મળે છે.

ઇન્દુલાલ યાજ્ઞિકનો "રાષ્ટ્રગીત" સંગ્રહ : ૩જી આ.૧૯૨૩: એના સંપાદનની ગુણવત્તાને કારણે સુપ્રસિધ્ધ થયો હતો. વિજયરાયે એને "જૂઇ અને કેતકી" માં એક "અપૂર્વ કાવ્ય સંગ્રહ" તરીકે યોગ્ય રીતે જ પ્રશંસ્યો છે.:પૃ.૧૫: નર્મદથી માંડીને વીસમી સદીના પહેલા બે દસકા સુધીમાં રચાયેલાં રાષ્ટ્રીય ગીતોનો એ પ્રતિનિધિ કહી શકાય એવો સંચય છે. રાષ્ટ્રીય લડત દરમિયાન દેશજીવનમાં પ્રગટેલી આશાનો સ્વર એમાંનાં કાવ્યોમાં સંભળાય છે. કવિ વિહારી ભારતના ભાવિ વિશેનું સુખકર ચિત્ર દોરે છે:

"માજી હવે ખિજળી થાશે રાત અંધારી આથમી રે લોલ.
વહાણલાં વાશે થાશે પ્રભાત, દુ:ખડાં જાશે શમી રેં લોલ".

ગુલામીના વર્તમાનજીવનના દુ:ખને હળવું પાડવા માટે ભવિષ્યનું આશાદર્શન રજૂ કરવાનો આ કીમિયો લાગે છે. જો કે, વિહારીએ ભવિષ્ય વિશે રજૂ કરેલી કેટલીક આશાઓ તો તદ્દન અતિશયોક્તિવાળી અને અવાસ્તવિક જણાય છે: "માજી તારૂં ભારત બનશે સ્વર્ગ, નંદનવન ઝાંખુ થશે રે લોલ" એ રમ્ય કલ્પનાચિત્રમાં તથ્યનો અંશ કેટલો? એવો પ્રશ્ન થાય.. કવિ વસંત-વિનોદી :ડો.ચંદુલાલ દેસાઇ: નું કાવ્ય "જનનીસેવન" ખૂબ લોકપ્રિય નીવડયું હતું. એ જુદાજુદા સંગ્રહોમાં વારંવાર લેવાયૂં છે.

"જનનીસેવનનો મધુમધુરો અવસર ક્યાં મળે રે,
અવસર ક્યાં મળે રે, જગ જીવ્યું ફળે રે."

ઇન્દુલાલ યાજ્ઞિકના સંગ્રહમાં કવિ પરમલનું "પ્રભો! જેવું હતું તેવું કરી ભારત બનાવી દો!" એવી પંક્તિથી શરૂ થતું, એક જમાનામાં પ્રસિધ્ધ બનેલું કાવ્ય પણ સમાવાયું છે. ભારતનો ભૂતકાળનો સુવર્ણયુગ ભારતમાં ફરી સ્થાપિત કરવાનો મનોભાવ કેટલાક કવિઓએ આ રીતે સેવેલો છે. આ કવિઓની આગળ રમતા ભૂતકાળના એ સુવર્ણયુગમાં અન્નના ભંડારો ભરેલા હતા, જીવનમાં ધાંધલધમાલ નહોતી, ઘી-દૂધની જાણે નદીઓ વહેતી હતી, શાંત સુરમ્ય વનો ઋષિમુનિના મંત્રોચ્ચારોથી ગુંજી રહેતાં હતાં, એ રામરાજ્યમાં લોકો શાંત સંતુષ્ટ જીવન ગુજારતા હતા. જ્યારે વર્તમાનના દીનદરિદ્ર ચિંતાગ્રસ્ત સંઘર્ષયુકત જીવન તરફ નજર ફેંકતાં નિસાસો નાખવો પડે એમ હતો. એટલે જ

એક સહજોચ્ચારણ એમનાથી થઇ જતું: "પ્રભો! જેવું હતું તેવું ભારત કરી બનાવી દો!" એવા મનોભાવને વ્યવહારમાં મૂર્ત કરવાની શક્યાશક્યતા કેટલી એવા પ્રશ્ન સાથે એમને જાણે કે નિસ્બત જ નહોતી.[3] ઇન્દુલાલના "રાષ્ટ્રગીત" માં નર્મદ, હરિલાલ, ખબરદાર, ન્હાનાલાલ ઇ. કવિઓની દેશપ્રેમની કેટલીક સુખ્યાત કૃતિઓ જોવા મળે છે. આ પ્રસિધ્ધ કવિઓની કૃતિઓ સાથે, કોઇ અજ્ઞાત કવિનું, દેશપ્રીતિનો નૈસર્ગિક ઉદ્ગાર કાઢતું તથા અવતરણક્ષમતાનો ગુણ ધરાવતું કાવ્ય ધ્યાન ખેંચે છે:

"અય હિન્દભૂમિ તારો મહિમા દિગન્ત ગાજે,
રેલી અમીનિધિ કેં કુદરત તને નવાજે."

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતાએ તૈયાર કરેલ "સ્વરાજ્યનાં ગીતો" :બીજી આવૃત્તિ, ૧૯૩૮: આ પ્રકારનાં સંપાદનોમાં એક પ્રતિનિધિ કહી શકાય એવું સંપાદન છે.+ સ્વરાજ્યસંગ્રામ ટાણે રચાયેલાં ગીતોની લગભગ બધી જ લાક્ષણિકતાઓ "સ્વરાજ્યગીતો"માં ઝિલાયેલી છે. ભારતીય ધ્વજ, વીરપૂજા, વાનરસેના, ગ્રામોન્નતિ, મદ્યનિષેધ, સ્વદેશીપ્રચાર તથા સ્વાતંત્ર્ય સંગ્રામને લગતાં એમાંનાં ગીતો રાષ્ટ્રીય લડતના લગભગ એકેએક પાસાને આવરી લે છે. એ સંગ્રહમાં કેટલીક નબળી કૃતિઓય સમાવાઇ છે. ઉદાહરણ તરીકે, સુન્દરમે પોતાના કાવ્યસંગ્રહોમાં જેમને સ્થાન આપવાનું મુનાસિબ નથી માન્યું તેવાં એમનાં કેટલાંક કાવ્યો "સ્વરાજ્યનાં ગીતો"માં દેખાય છે. ઇન્દુલાલના "રાષ્ટ્રગીત"ના સંપાદનની જેમ કલ્યાણજી મહેતાએ અખિલ ભારતીય દ્રષ્ટિકોણ રાખીને બંગાળી, હિન્દી તથા ઉર્દૂનાં ગીતોને પોતાના સંપાદનમાં સમાવ્યાં છે:. "સ્વરાજ્યનાં ગીતો"ની આઝાદીની લડત સમયે પ્રચલિત બનેલી કેટલીક કૃતિઓ આ પ્રમાણે છે: "મારું વતન આ મારું વતન હાં, વ્હાલું વ્હાલું મને મારૂં વતન હાં" :ચીમનલાલ પ્રા. ભટ્ટ:, "જયમંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ" :લલિત:. બે પટેલ લેખકોનાં કાવ્યો "માડીની ઝૂંપડી" અને "એક દિન એવો આવશે" જનપ્રિય બનેલાં. એમાંનું પહેલું કાવ્ય જીવાભાઇ પટેલનું છે:

---

+ "સ્વરાજ્યનાં ગીતો"ની પહેલી આવૃત્તિ -૧૯૩૧- ઉપર સરકારી પ્રતિબંધ મૂકાયો હતો તથા એને જપ્ત કરવામાં આવી હતી.

"દુખિયાંનો વિસામો રે, માડી તારી ઝૂંપડી,
રણવગડાનો છાંયો રે, આંધળિયાની લાકડી."

બીજું કાવ્ય મગનભાઇ પટેલનું છે. :જુઓ પ્ર.૧૨: "એક દિન એવો આવશે જ્યારે અમીઝરણો ઝરંતા પૃથ્વીનેય પલાળશે, એક દિન:

"કળિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજ વીર્યથી ભૂમિભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે."

એ સંગ્રહમાંના કેટલાં પ્રોત્સાહક સંગ્રામગીતો આ પ્રમાણે છે: "સમશેર સારી ખલ્કની, અમને નહીં તાબે કરે." :ડો.ચંદુલાલ દેસાઇ; "ચાલો કનાના પંથ પર આગેકદમ!" :મેઘાણી:; "સતનો માંડયો છે સંગ્રામ, પ્યારી માતૃભૂમિને કાજે, કીધાં કેસરિયાં આ વાર- " :ફૂલચંદ શાહ; "ભારતના ભડવીર કુમારો કૂચ કરો કૂચ કરો" ::ત્રિભુવન વ્યાસ; "સ્વરાજ્યનાં ગીતો" માં દેશ માટેના કવિઓના ઉત્સાહયુક્ત પ્રેમની જેટલી પ્રતીતિ થાય છે, એટલી કવિત્વશક્તિની સર્વત્ર થતી નથી. શ્રી.વિ.ક.વૈદ્યના "રાષ્ટ્રગીત" માટે કહેવાયેલા શબ્દોમાં કહીએ તો - કેટલાક કવિઓની "કાચી અધીરાઇ" અને "અસંયમી ઉકળાટ"નો આવાં ગીતોમાં અનુભવ થાય છે. "જાગો ઉઠો ધસો ઝુકાવો" એવી રણહાકો સંભળાય છે, પણ એમાં "વિચારની વિવિધતા કે કલાત્મક વાણીની સંયમશીલતા" નથી.[૪]

રાષ્ટ્રીય ગીતોના પ્રસિધ્ધ થયેલા અન્ય સંખ્યાબંધ સંગ્રહોમાં ઇન્દુલાલ યાજ્ઞિક તથા કલ્યાણજી મહેતાનાં સંપાદનોની ગુણવત્તાનું ધોરણ સચવાયેલું જોવા મળતું નથી. કેટલાંક ગીતોની સરવાળા-બાદબાકી કરીને નવા સંગ્રહો રચાયે ગયાં છે. કેટલાંક ગીતોનું વારંવાર પુનરાવર્તન થયાં કરે છે. "સ્વરાજ્યનાં ગીતો"માં કેટલાંક ઝંડા ગીતો મળે છે. અજ્ઞાત કવિનું "વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા", ત્રિભુવન વ્યાસનું "નહિ નમશે, નહિ નમશે, નિશાન! ભૂમિ ભારતનું", સ્નેહરશ્મિનું ગીત "ફરક ફરક જયવન્ત ! ઝંડા! અજર અમર બળવંત!" ઇ.ગીતોને આવી રીતે વિષયવાર વહેંચવાની પધ્ધતિને પણ બીજા સંપાદકો અનુસર્યાં છે.

રાષ્ટ્રીય લડત દરમિયાન પ્રજાના જુસ્સાને ટકાવે તથા બઢાવે

એવાં ગીતો રચાયાં છે. એમાં ક્યાંક ફિશિયારી તો ક્યાંક આત્મવડાઇ ડોકિયાં કરતાં દેખાય છે. ઉ.ત. ચંદુલાલ દેસાઇની આ પંક્તિ: "જગતના સર્વ દેશોમાં અમારો દેશ સારો છે."[૫] કલાસંયમ કરતાં જે ગીતોમાં દેશ પ્રત્યેના આવેશયુક્ત સ્નેહને પ્રાધાન્ય હોય તથા જ્યાં સમૂહમાનસ જોડે કામ પાડવામાં આવતું હોય ત્યાં આત્મવડાઇ કે આક્રમક રાષ્ટ્રાભિમાનને નિવાર્ય ગણી શકાય. કેટલાંક ગીતો તો પ્રજાની આત્મશ્રધ્ધાને મજબૂત બનાવવાના હેતુસર લખાયાં છે, ઉ.ત. કલ્યાણજી મહેતાનું એક કાવ્ય:

"દિવાલો દુર્ગની ફાટે, તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી, તમારી આત્મશ્રધ્ધા તો." :સ્વરાજ્યનાં ગીતો:

અંગ્રેજ સરકારને ફિટકારતાં કે પડકારતાં ગીતો ઠીક સંખ્યામાં રચાયાં છે.

"જેણે તને દૂધ દીધું તેનું લોહી પીધું અંગ્રેજીઆ,
...જેણે તને વાસ દીધા તેના શ્વાસ લીધા અંગ્રેજીઆ."[૬]

ઉપર્યુક્ત પંક્તિઓમાં કવિત્વ જેવું કાંઇ નથી. છતાં આવી કૃતિઓ અત્યંત પ્રચલિત બની હતી તે એક હકીકત છે. લોકપ્રચલિત થવાનું કારણ દર્શાવતાં સુન્દરમ્ લખે છે: "...કોઇ પણ રચના લોકોમાં પ્રચલિત થઇ જાય છે તેનું કારણ કલાતત્ત્વ કરતાં બીજા કોઇ પ્રાસંગિક અનુષંગમાં જ રહેલું છે."[૭] આઝાદી માટેની રાષ્ટ્રીય લડતનો એ અનુષંગ હતો તે આપણે જાણીએ છીએ. એ લડત દરમિયાન અંગ્રેજોને તિરસ્કારતાં કે ચેતવણી આપતાં ગીતો રચાયાં છે:

"ઉતરીઆં કંઇ આથમણે ઓવાર રે,
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં."[૮]

ઉપર્યુક્ત પંક્તિઓવાળું કાવ્ય રચવા માટે એના કવિ હંસરાજ ઉપર રાજ્યદ્રોહનો આરોપ મૂકાયો હતો. અંગ્રેજ સરકારની સત્તાથી અંજાયા કે ડર્યા વિના એને ચેતવણી આપવાનો યુગ આવી પહોંચ્યો હતો: "તારાં વાગે નગારાં હવે મોતનાં રે હજુ ચેતી લે ઓ સરકાર."[૯]

આઝાદીની લડત સમાજના હરેક સ્તરને સ્પર્શતી હતી. આબાલવૃધ્ધને એમાં સ્થાન હતું. એટલે, આવાં ગીતોમાં સ્ત્રીઓ તથા બાળકોને કેમ

વિસરાય? પહેલાં સ્ત્રીવર્ગને સ્પર્શતાં ગીતોનાં ઉદાહરણો લઇએ: "રેંટિયા ઉપર દીવો, ગાંધીજી ઘણું જીવો, મારી બેનો સ્વરાજ લેવું સ્હેલ છે." [10] "સ્વરાજ્યનાં ગીતો"માં મૂકાયેલું જ્યોત્સ્નાબેન શુકલનું "હું તો પૂજારણ હો! ભારત માતની" વ... બહેનોમાં ખાદીનું ગૌરવ સ્થાપિત કરવા માટે, આજે આછી રમૂજ જન્માવે એવાં ગીતો રચાયાં હતાં: "ખાદી પહેરીને હું તો સાસરે ગઇતી, સાસુજીએ મ્હોં મચકોડયાં હો બેન, ...ખાદીથી દેશઆબાદી હો બેન!" [11] બાળકોમાં ખાદીને ગીતો દ્વારા પ્રિય બનાવવાનું વિસરાયું નહોતું: "મા મને ખાદીની ટોપી અપાવો.. ખાદીનું પહેરણ, ખાદીની ધોતલી, ખાદીની કંથા પહેરાવો, મા મને." [12] એવી જ રીતે બાલિકાઓ માટે: "ગોરમાનો વર કેસરિયો, સ્વરાજ લેવા જાય રે ગોરમા! હાથમાં પૂણી ને તકલી, કાંતતો કાંતતો જાય રે ગોરમા!" [13] ગિજુભાઇ, જુગતરામ, ચીમનલાલ ભટ્ટ, ત્રિભુવન વ્યાસ વગેરેએ રચેલાં વાનરગીતો બાલપ્રિય બન્યાં હતાં.

ખાદીનો પ્રચાર તથા વિદેશી માલનો બહિષ્કાર, એ સ્વાતંત્ર્યની લડતનું એક મહત્વનું અંગ હતું. એટલે એ વિશે બહુસંખ્ય કૃતિઓ મળે તે કુદરતી છે: "સૂતરને તાંતણે લઇશું, વીરા સ્વરાજ્યની સિધ્ધિ"; [14] "જોને સખી દીનનો તારણહાર, કેવો દીસે સુદર્શન રેંટીઓ"; [15] "વિદેશી માલ લેનારા, જરા તો લાગણી રાખો", [16] "સ્વરાજ્યનાં ગીતો"માં "મનોહર"નું કાવ્ય "ધીરો ધીરો ચાલે રે, મીઠો મીઠો ગાજે રે, રૂડો મારો રેંટિયો હોજી", ઇ...ખાદીપ્રચારની જેમ મદ્યનિષેધ પણ ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિનું એક અંગ હતું. દારૂતાડીની વિદાયનાં ગીતોનો તો એક સંગ્રહ "રામબાણ" :૧૯૨૮: તૈયાર થયો હતો. એનું પુરોવચન ખુદ ગાંધીજીએ લખેલું છે: "અમુક સુધારો કરવો હોય તો તેને વિષે ગીતો રચવાની પ્રથામાં કંઇ સાર છે એમ મને હમેશાં ભાસ્યું નથી...છતાં આ ગીતોને અપવાદરૂપે ગણું છું, કેમકે તે ગીતો અંકાએલાં છે ને તેની અસર ગાનારાઓ અને સાંભળનાર પર પડી ચૂકી છે એટલે તે સંસ્કારી પણ ગણાય." "રામબાણ" માંનું જુગતરામ દવેનું ગીત– "તમે પીશો મા પીશો મા પીશો મા, દારવો પીશો મા", જાણીતું બનેલું.

સ્વદેશભક્તિનાં આવાં ગીતોમાં ગાંધીજી તો કાવ્યવિષય બને જ. કોઇ અજ્ઞાત કવિનું "ગાંધી તોરા રાજમાં ધોળી ટોપીનો ઘેર, રૂડો ગાંધીડો,"[17] નર્મદાશંકર પંડયાનું " વાગે છે રે વાગે છે, મારા બાપુની વીરહાક વાગે છે, ડોલે છે રે ડોલે છે, જુલમી રાજનાં રાજપાટ ડોલે છે" :"સ્વરાજ્યનાં ગીતો":, ઇશ્વરલાલ વૈદ્યનું ગાંધીનાં ગીતાં ગાઓ, ઓ ભીલાભાઇ, ગાંધીના ગીતાં ગાઓ" :અંજન:, "દાંડી તણા કિનારે, મોહન મીઠું પકાવે",[18] "મોહનીઆ તું નર છે ક્કો રે, વાગ્યો તારા નામનો ડંકો રે,"[19] "મોહન હિન્દ કનૈયો! સ્વરાજ્યનો ગોવર્ધન તોળે"[20] ઇ. ને ગાંધી-ગીતોનાં કેટલાંક લાક્ષણિક ઉદાહરણો ગણી શકાય.

ભાવકેર કરી નાખીને કેટલાંક પ્રસિધ્ધ કાવ્યોનાં રસપ્રદ અનુસર્જનો થયાં છે. એનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે: હિંમતલાલ ગ. અંજારિયાનું ગીત "જ્યાં લગી દેશહિતતત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સંપતિ સર્વ જૂઠી,"[21] "આજની ઘડી રળિયામણી, હોજી લૂણ લૂંટી લાવ્યાની વધામણી,"[22] "લૂણ લૂંટયે હવે કોઇની લાજ જતાં નથી જાણીરે,"[23] "ગાંધીજન તો તેને કહીએ, જે પીડા હિંદની જાણે રે,"[24] "જાગ જુવાનિયા, હિંદ જાયા શૂરા, તુજ વિના સૈન્યમાં કોણ જાશે?,":"સ્વરાજ્યનાં ગીતો": "હું તો કાપડ બજારે ગઇ'તી રે, ખાદી રંગ લાગ્યો" :અંજન:, "નવા નરસૈંયાએ"હિંદ છોડી હવે જા તું ચાલ્યો" :પરભાતિયું: રચ્યું છે:

"સમર ઇશુ ખ્રિસ્તને, મેલ મમતા પરી,જોને વિચારીને મૂળ તારું,
...હિંદ તારૂં નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે, નિશ્ચે જાયે."[25]

સીતારામ શર્માના કાવ્યસંગ્રહ "સ્વદેશ ગીતો"નું પુરોવચન ન્હાનાલાલે લખ્યું છે. એમાં આ પ્રકારનાં સ્વદેશગીતોની મર્યાદાઓ એમણે સુંદર રીતે દર્શાવી છે: ~~ઉમાશંકરે સમકાલીન ઇતિહાસનાં પરિબળોને શબ્દમાં રજૂઆત કરી છે.~~ "જગતમાં ને હિન્દમાં હાલ જે નવવર્ષા વરસે છે તેમાંથી કેટકેટલી પૃથ્વીમાં પચશે? કેટકેટલી સરોવરો ને સરિતાઓમાં સંગ્રહાશે? કેટકેટલી ખારા સાગરોમાં વહી જશે?" પછી સારાં સ્વદેશગીતોની દુર્લભતા વિશેનું કારણ સમજાવ્યું છે.: "સારી કવિતા જ સદા ને સર્વત્ર

દુર્લભ હોય છે અને સારાં સ્વદેશગીતોયે એટલાં જ દુર્લભ છે." "પ્રાસંગિક કાવ્યો થોડાંક જ ચિરસ્થાયી હોય", એમ કહીને સ્વદેશગીતોની તાત્કાલિકતા એમણે ઉચિત રીતે દર્શાવી આપી છે. આપણે પણ ચિરંતન કાવ્યતત્ત્વની પ્રાપ્તિની આશાએ એ કાવ્યો સમક્ષ જતાં નથી. એ ગીતોનું મૂલ્ય, આગળ કહ્યું છે એમ, સ્વાતંત્ર્યની લડતમાં જોમજુસ્સો પૂરવાની દૃષ્ટિએ આંકવા જેવું છે. આ ગીતોએસમાજમાં કોઇ મૂલ્યપરિવર્તન કર્યું નથી. વાસ્તવમાં, સમાજમાં થયેલાં મૂલ્યપરિવર્તનોનો જ પ્રસ્તુત ગીતોમાં પડઘો ઝિલાયેલો છે. એક સમાજશાસ્ત્રીએ નોંધ્યું છે એમ, ".....Literature, atleast of the 'mass' type, reflects societal changes rather than causes them.." 27

આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે "સાહિત્યનું પુનરાવર્તન" નામે લેખમાં વાચકોને સલાહ આપી છે કે દલપતરામનાં "વેનચરિત્ર" અને "હુન્નરખાનની ચઢાઇ"નું વાચન કાવ્યો તરીકેના ગુણ માટે નહિ, "પણ "સ્વદેશી" ના ઇતિહાસનું એક નિરીક્ષણ કરવા, તેમ રમૂજ ખાતર" કરવું જોઇએ. ૨૮ સ્વદેશભક્તિનાં ગીતોનું વાચન પણ કાવ્યરસાસ્વાદ અર્થે નહિ, પરંતુ સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસની એક ઝલક પ્રાપ્ત કરવા અર્થે તેમ "રમૂજ ખાતર" આજે ય કરવા જેવું લાગે છે.

---

## સંદર્ભ તથા પાદનોંધ

૧. સ્વદેશભક્તિનાં ગીતોની પુસ્તિકાઓની નકલો હજારોની સંખ્યામાં ખપતી હતી. એની વારંવાર નવી આવૃત્તિઓ નીકળતી હતી. વીસ પચીસ પાનની પુસ્તિકાની કિંમત "કલદાર પૈસો એક"થી માંડીને ૦-૮-૦ આના સુધીની રહેતી. સામાન્ય જનસમુદાયને મુખે ન્હાનાલાલનું "ગુજરાતનો તપસ્વી" નહિ,પણ પ્રસ્તુત પુસ્તિકાઓમાંનાં "વાગે છે રે વાગે છે, મારા બાપુની વીરહાક વાગે છે" જેવાં ગીતો રમતાં હતાં. ન્હાનાલાલનું પ્રસિધ્ધ શિષ્ટ કાવ્ય –

"ઉઠ, ઓ ભરતગોત્ર ! તુજ વાટ,
જૂએ જો ! જગત કાળને ઘાટ". –

- આમસમૂહમાં ઝિલાતું નહોતું, ત્યાં તો "તારાં વાગે નગારાં હવે મોતનાં રે હજુ ચેતી લે ઓ સરકાર" જેવું કોઇ ગીત ઉત્સાહ પ્રેરતું હતું. આ મુદ્દો માત્ર એક હકીકતના કથન તરીકે - અને નહિ કે ઉપર્યુક્ત કાવ્યોની ઉચ્ચાવચતા દર્શાવવા માટે - નોંધ્યો છે.

૨. બંગભંગનું આંદોલન આરંભાયા પછી અમદાવાદમાં પહેલું "સ્વદેશકીર્તન" થયું હતું. હિન્દદેવીની છબી ચિત્રકાર મગનલાલ પાસે ચીતરાવીને અમદાવાદના "સ્વદેશી મિત્રમંડળે" પ્રસિધ્ધ કરી હતી. હિન્દદેશને મૂર્ત સ્વરૂપ આપી નવીન ભારતની ઇષ્ટદેવી સર્જવાનો એ પ્રયાસ ઘણો સફળ થયો હતો, એવી માહિતી ડો. હરિપ્રસાદ દેસાઇએ કે. હ. શેઠની કૃતિ "સ્વદેશગીતાવલિ" :૧૯૧૯:ના પુરોવચનમાં આપી છે.

૩. દેશબંધુ ચિત્તરંજનદાસે ભારતના રિધ્ધિસિધ્ધિસભર ભૂતકાળનું એક રમ્ય-ચિત્ર દોરીને એમના જમાનાના :૧૯૧૭ના: ભારત સાથે એને વિરોધાવ્યું હતું. સ્વપ્નવત્ બની ગયેલી ભારતની પૂર્વકાલીન સુખદ અવસ્થાની સ્મૃતિ પરિમલ જેવા કવિને તો રમાડવી ગમે જ, પરંતુ દેશના એક પ્રસિધ્ધ રાજકરણી નેતાને ય એ સ્મૃતિને વાગોળવી કેવી ગમતી હતી તેના નિદર્શનરૂપે દેશબંધુ દાસે કરેલું ભૂતકાલીન ભવ્યતાનું વર્ણન વાંચવા જેવું છે. જુઓ ડો. એમ. એ. બૂચનો ગ્રંથ "રાઇઝ એન્ડ ગ્રોથ ઓફ ઇન્ડિયન મિલિટન્ટ નેશનાલિઝમ," પૃ. ૫૪-૫૫.

૪. "જૂઇ અને કેતકી," પૃ. ૧૬-૧૭, વિ. ક. વૈદ્ય

૫. "નગરકીર્તન," આ. બીજી, ૧૯૨૯, છપાવી પ્રસિધ્ધ કરનાર ચન્દ્રકાન્ત મ. પરીખ, કપડવંજ

૬. "વીરહાક, આ. ? - પ્રકાશક : કેશવલાલ દવે, ડાકોર

૭. "અર્વાચીન કવિતા," પૃ. ૫૬૩, સુન્દરમ્

૮. "રાષ્ટ્રગરબી," આ. ૧, ૧૯૨૪, સંગ્રાહક: વ્યાસ ભીખાભાઇ, ગોધરા

૯. "યુધ્ધગીતો," આ. ૨., ૧૯૩૦, પ્રકાશક: ભરૂચ જિલ્લા સમિતિ

૧૦. "પ્રભાતગીતસંગ્રહ," ૧૯૩૦, પ્રકાશક: મણિલાલ રણછોડદાસ, મુંબઇ

૧૧. "રાષ્ટ્રીય ગરબાસંગ્રહ યાને સ્વરાજ્યગર્જના," આ. ૨, ૧૯૨૩, સંગ્રાહક: જડૂલાલ નારણદાસ, નડીઆદ, ગીતલેખક: મણિલાલ દોશી.

૧૨. "સ્વદેશકાવ્ય", આ. ૩, ૧૯૨૧: સંગ્રાહક: નારણલાલ જદુલાલ, નડીઆદ ગીત લેખક દોલતરાય દવે.

૧૩. બાલિકાઓ માટે "ગૌરવનાં નવા ગીતો," ૧૯૩૦, લેખિકા: જ્યોત્સ્નાબેન, પ્રકાશક: બાળક સંઘ, સૂરત.

૧૪. જુઓ નં. ૧૨, ગીતલેખક: હીરાલાલ

૧૫. જુઓ નં. ૮, ગીતલેખક: અમૃતરાવ

૧૬. જુઓ નં. ૫, ગીતલેખક: ફૂલચંદ શાહ

૧૭. જુઓ નં. ૫

૧૮. "મહાત્માગાંધીજીની રણગર્જના યાને આજકાલનું હિંદુસ્તાન," આ. ? સંગ્રહકર્તા અને પ્રકાશક: ઇશ્વરલાલ એમ. મિસ્તરી, બોરીઆવી.

૧૯. "ન્યાયનું કારસ," આ. ? : સં. મગનલાલ ન્યાલચંદ શાહ, અમદાવાદ

૨૦. જુઓ નં. ૧૧, ગીતલેખકનું નામ અપાયું નથી. જે સ્થળે ગીત લેખકોનાં નામ પ્રાપ્ત થઇ શક્યાં તે સ્થળે નોંધ્યાં છે. ઘણી પુસ્તિકાઓમાં પ્રકાશનની સાલ નોંધવાની યે કાળજી નથી રાખી.

૨૧. જુઓ, નં. ૫

૨૨. જુઓ નં. ૬

૨૩. "રામબાણ યુદ્ધગીતો," ૧૯૩૦: પ્રકાશક-સંગ્રાહક વિશે માહિતી પુસ્તિકામાં નથી નોંધી.

૨૪. "રાષ્ટ્રીય રણગીતા" : પ્રભાતફેરી પદાવલિ:, આ. ?, પ્રકાશક: રતિલાલ શાહ, મુંબઇ

૨૫. "શિક્ષણ અને સાહિત્ય" ના ૧૯૪૬ના જૂન અંકમાં મૂળ છપાયેલું આ કાવ્ય "રાજા રામમોહનરાયથી ગાંધીજી" : લેખક: મગનભાઇ દેસાઇ: -માં પુનર્મુદ્રિત, પૃ. ૧૧૨

૨૬. "શૈલી અને સ્વરૂપ", પૃ. ૨૫૮, ઉમાશંકર જોશી

૨૭. "સોશ્યોલોજી ટુડે", પૃ. ૨૦૮

૨૮. "કાવ્યતત્ત્વવિચાર", પૃ. ૧૨૩, આનંદશંકર ધ્રુવ.